રેગ્યુલર દીવાની દાવા નંબર -૦૬/૨૦૧૮

**//આંક-૧ લગત હુકમ //**

સદર કામે વાદીઓએ હાલનો દાવો તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ પ્રતિવાદીઓ વિરુધ્ધ વિજ્ઞાપન અને કાયમી તાકીદ ની દાદ મેળવવા દાખલ કરેલ છે. જેથી દાવો દાખલ થતા પ્રતિવાદીઓ ને તાત્કાલીક કારણ દર્શક નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ અને જે મુજબ પ્રતિવાદીઓને પ્રોસેસની બજવણી થતા પ્રતિવાદીઓ હાજર થયેલ છે પરંતુ કોઈ જવાબ રજુ કરેલ નથી, અને ત્યારબાદ મારાપુરોગામી ન્યાયાધીશ શ્રી ધ્વારા આંક-૧૭ થી તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ મુદ્દા કાઢેલ છે અને ત્યારથી હાલનો દાવો પુરાવા રજુ થવા ઉપર પેન્ડીગ છે, અને જે મુજબ વાદીને પુરાવો રજુ કરવા પુરતી તક આપવામાં આવેલ છે, છતાં પરાવો રજુ કરેલ નથી અને વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા નથી કે સદર દાવાની કાર્યવાહી આગળ ચલાવતા નથી, જેથી વાદીને હાલનો દાવો ચલાવવામાં રસ નહી હોવાનુ જણાતુ હોય, વાદીઓનો હાલનો દાવો વધુ સમય માટે પેન્ડીગ રાખવા યોગ્ય જણાતુ ના હોય, ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

વાદીનો હાલનો દાવો વાદીની ગેરહાજરી ના કારણે કોડ ઓફ સીવીલ પ્રોસીઝર ઓર્ડર ૧૭ અને ઓર્ડર -૯ ની જોગવાઈ મુજબ વાદીની ભૂલના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ દાવાના કામે આંક-૫ લગત કરવામાં આવેલ હુકમ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૨/૦૬/૨૦૨૬

મુ.કડાણા/દિવડા કોલોની

જયેશ વાલજીભાઈ ચૌહાણ
પ્રીન્સીપાલ સીવીલ જજ
કડાણા / દિવડા કોલોની
જજ કોડ નં. જીજે-૦૧૪૩૧